## યુનિવર્સિટીના કુલપતિઓની લાયકાત સંદર્ભે ફરિયાદ

* 15/4/2310 **શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારના અનુદાનથી ચાલતી કઈ યુનિવર્સિટીના કુલપતિઓની લાયકાત સંદર્ભે રાજ્ય સરકારને કેટલી ફરિયાદો મળી, | (૧) | આ બાબતે કુલ: ૦૫ (પાંચ) ફરિયાદ મળેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ૦૧ (એક) કોર્ટકેસ દાખલ થયેલ છે. |
| (૨) | મળેલ ફરિયાદો અન્વયે કઈ યુનિવર્સિટીના કુલપતિ સામે શા પગલા લીધાં, અને | (૨) | યુનિવર્સિટીઓમાં કુલપતિની લાયકાત સંદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલ નિર્દેશ મુજબ, કુલપતિશ્રીઓની નિમણુક માટેની સર્ચ કમિટીમાં રાજ્ય સરકાર દ્વારા UGCના પ્રતિનિધિની જોગવાઈ ફરજીયાત કરવામાં આવી છે.વધુમાં ગુજરાત કોમન યુનિવર્સિટી એક્ટ,૨૦૨૩ માં પણ યુનિવર્સિટીના કુલપતિની લાયકાત સંદર્ભે વિશેષ જોગવાઈઓ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. |
| (૩) | ઉકત સ્થિતિએ કઈ યુનિવર્સિટીના કુલપતિ સામે કયા કારણોસર પગલાં લેવાના બાકી છે? | (૩) | રાજ્ય સરકાર દ્વારા યુનિવર્સિટીના કુલપતિની લાયકાત અંગે કાયદામાં જરૂરી જોગવાઈઓ કરવામાં આવેલ હોઈ, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |